સાલ : ૧૫ / સિલસિલાવાર નંબર : ૧૪૦ / શુમારો : ૨ ફુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રબીઉલ અવ્વલ-રબીઉલ આખર ૧૪૩૯ / ડીસેમ્બર ૨૦૧૭-જાન્યુઆરી ૨૦૧૮

# મૌ. સાલેહ નબી (અ.સ.) અને આપની ઊંટણી – નાકતુલ્લાહ

અલ્લાહતઆલાએ સાલેહ નબીને ૧૬ સાલની ઉંમરે નુબૂવતથી ખાસ કીધા અને આપને કૌમે સમૂદની હિદાયત વાસ્તે ઝિમ્મેદારી સોંપી. આપની ઉંમર ૧૨૦ સાલની થઈ અને આપ મક્કતુલ મુકર્રમહમાં વફાત થયા. આપની કબરે અન્વર મકામે ઈબ્રાહીમ અને ઝમઝમના કૂવાના દરમિયાન મૌ. હૂદની કબરને સાથે છે. બીજી એક રિવાયતમાં એમ બયાની છે કે, આપની કબર વાદીયુસ્સલામના કબ્રસ્તાન, નજફમાં છે. મૌ. હૂદ અને મૌ. નૂહની મિસિલ મૌ. સાલેહ પણ રહીમાના અને શફીકાના લહેજામાં દાઅવત કરતા રહ્યા, આપની કૌમને અલ્લાહની નેઅમતોની યાદદેહાની કરાવતા રહ્યા અને સરકશી-બગાવત ના કરવાનું કહેતા રહ્યા. મગર આપની કૌમે આપની એક વાત ના માની, આપનો મુકાબેલો કીધો અને આપને ઈઝા દેવામાં કોઈ લમ્હો ન છોડો.

આપની ઝિક્ર સાથે નાકતુલ્લાહ - અલ્લાહની ઊંટણીની ખાસ વાત આવે છે. આ ઊંટણી અલ્લાહ તરફથી ઈઝનયાફતા, મામૂરહ અને તાઈદશુદા હતી. **તે આપનો મોઅજિઝો છે.** તેને દુશ્મનોએ કત્લ કરીને સૈહા-ચીખના હૌલનાક અઝાબથી હલાક થયા. આપના ગામમાં ૯ શખ્સો હતા જેએ ફિત્નો-ફસાદ કીધો અને ઊંટણીને કત્લ કરવાની સાઝિશ રચી. આપને વહ્યથી ઈલ્મ થયું કે, ગામના ચંદ ફિત્નાવર લોગો આપની ઊંટણીને મારી નાખશે, તો આપે તેઓને ચેતવી દીધા, તન્બીહ કીધી. તેઓ બોલા કે, અય સાલેહ! આ તમેં શું કહો છો! હમેં હરગિઝ એવું બદ કામ નહીં કરીએ. આપે કહ્યું કે, હવે, આ ગામમાં એક છોકરો પૈદા થાશે તે આ બદ કામ કરશે. તેઓએ આપને એતેમાદ આપો કે, “અપના ગામમાં હવે કોઈ પણ છોકરો પૈદા થાશે તો એને હમેં મારી નાખીશું.”

પછી બનું એમ કે, આ નવે નવ ફિત્નાખોરોના ઘરે છોકરા પૈદા થયા તો વાઅદા મુજબ તમામને મારી નાખવામાં આવા. પણ દસમા શખ્સના ઘરે જે છોકરો પૈદા થયો હતો તે ઝિંદા રહ્યો અને આ છોકરો મોટો થયો કે, તે આપને કત્લ કરવા જે મસ્જિદમાં આપ ઈબાદત કરતા હતા તે જગા આવી પહોંચો. મગર સાનેહો એવો બનો કે, **તે છોકરો અને બીજાઓ પત્થરની એક ચટ્ટાનના નીચે કુચલાઈ ગયા, હલાક થઈ ગયા.** આના સબબ ગામવાલાઓ ગુસ્સામાં આવી ગયા અને આપને કત્લ કરવાનો મન્સૂબો બનાવો.

અલ્લાહતઆલાએ મૌ. સાલેહને જે બાબરકત ઊંટણી અને તેના બે બચ્ચા બખ્શા હતા તેનો કૌમે સમૂદે કુફ્ર કીધો. હર કૌમમાં કાફિરો મૌજૂદ હોય છે અને આ કાફિરોને તેના નબીનો કોઈ એજાઝ કુબૂલ થાતો નથી. ઊંટણીનો એજાઝ અલ્લાહ તરફથી હતો. એક દિન ઊંટણી પાની પીએ અને બીજે દિન કૌમના લોગો પાની પીએ. આ ચીઝ કાફિરોથી બરદાશ્ત ન્હોતી થાતી. કુફ્ફારે સમૂદ માંથી એક કેદાર બિન સાલિફ તેના ચંદ સાથીઓ સાથે બેસો હતો. તેનો ખાદિમ શરાબ લાવો અને ચાહ્યું કે, તમામ શરાબના નશામાં ગરક થાય. પણ શરાબ જે વક્ત ચાખી તો ખૂબ જ તૈઝ લાગી. ખાદિમને કહ્યું કે, જા! આ શરાબમાં પાની મિલાવ. ખાદિમે કહ્યું કે, “માલિક! આજે તો પાની પીવાનો ઊંટણીનો વારો છે. કોઈના ત્યાં વધારાનું પાની નહીં હોય.” તમામ ગુસ્સામાં આવી ગયા અને એકબીજાને ચઢાવવા લાગા કે, **“ હવે તો આ ઊંટણીને કત્લ કરવી જ પડશે. ”**

એમ પણ બયાન છે કે, કબીલએ સમૂદમાં બે જમાલદાર બૈરો હતી. એકનું નામ કતામ અને બીજીનું નામ કબાલ હતું. કેદાર કે જેની ઉપર ઝિક્ર થઈ, તે કતામ પર આશિક હતો અને એક બીજો શખ્સ મસ્દઅ કરીને હતો તે કબાલ પર ફરૈફતા-પાગલ હતો.
(બકીયાહ પેજ નં. ૨ ૫૨)

**મરદની ખૂબી તેની અદબ અને હુશિયારીમાં છે.**

(પેજ નં. ૧ નું બાકી)

આ બેવે શખ્સ હમેશા રાતે પોત-પોતાની માઅશુકહના યહાઁ જાતા હતા. એક રાત બેવે ગયા હશે તે વક્ત તે બેવે બદકાર બૈરો કતામ અને કબાલ પોતાના આશિકોને કહેવા લાગી કે, **"હમેં તમને હરગિઝ આજ પછી તમારી ખ્વાહિશોને પૂરી નહીં થાવા દઈએ, તમારા મકસદ તક તમને પહોંચવા નહીં દઈએ, જહાઁ તક કે તમેં તે સાલેહની ઊંટણીને કત્લ નહીં કરી દો."**

બેવે લઈન જોશમાં ને ગુસ્સામાં આવી ગયા અને કહેવા લાગા કે, "આ તો બહુ નાનું કામ છે. હમેં તેને કત્લ કરી દઈશું!" બીજે દિન બેવેએ પોતાના સાથીઓને જમાઅ કીધા અને નાકહ-ઊંટણીને કત્લ કરવા તરફ કસ્દ કીધો. જે વક્ત ગયા તો જોયું કે, નાકહ હૌઝ પર હતી અને પાની પીતી હતી. ત્યાં જઈને કેદાર પોતાના સાથીઓ માંથી એકને નાકહના પગ કાપી નાખવાનું કહે છે. તે નઝદીક ગયો પણ નાકહના પગ તક તેનો હાથ દરાઝ થઈ શકો નહીં. તેના દિલમાં આ કામ ઘણું મોટું લાગું, તેથી પાછો વલી આવો. બીજાને મોકલો તો તેના સાથે પણ આમ જ બનું. એક પછી એક તમામને કેદાર મોકલી ચુકો પણ કોઈની હિમ્મત ન થઈ કે ઊંટણીના પગ કાપે. આખિર તે પોતે ગયો અને તલવારથી ઝૌરદાર વાર કીધો કે ચારે પગ નાકહના કાપી નાખા અને નાકહ-ઊંટણી ઝમીન પર પડી ગઈ. તે પછી તેને બેરહીમીથી કત્લ કરી નાંખી. જે વક્ત કત્લે નાકહનો વાકેઓ બનો તે દિન બુધવાર હતો, મૌ. સાલેહને કત્લની ખબર મિલી તો આપ ઘણા રોયા અને કહ્યું કે, **તીન દિન બાદ તમેં સઘલા હલાક થાશો.** બુધવાર પછી બીજા તીન અય્યામ તક અઝાબ આવો અને રવિવારે તમામ કૌમે સમૂદ હલાક થઈ.

કત્લ બાદ સમૂદ માંથી એક શખ્સ આપના પાસે આવો અને કત્લની તમામ વારેદાત કીધી. કહેવા લાગો કે, હમેં આ કત્લના બાબત જાણતા નથી, નાકહના બચ્ચાં કહાઁ ગયા હમને કઈ ખબર નથી. મગર હમારા માંથી જ ફલાઁ-ફલાઁએ હસદખોરીમાં નાકહને કત્લ કરી નાખી છે. આપ સાલેહ નબી તે વકત બોલા કે, "જાવ તલાશ કરો! મારી નાકહનું બચ્ચું કહાઁ છે. **જો તમને સહીહો સાલિમ બચ્ચું મિલશે તો જાણજો કે તમેં અઝાબે ઈલાહીથી બચી જાશો."** તમામ બચ્ચાને તલાશ કરવા નિકલી પડા. મગર બચ્ચાની શું શાન થઈ કે, જે વકત તેએ જોયું કે, માઁ કત્લ થઈને ઝમીન પર પડેલી છે અને તડપી રહી છે તો તે બાઝૂમાં એક નાની ટેકરી પર ચઢી ગયું. સમૂદ લોગોએ જોયું કે, બચ્ચું ટેકરી પર છે પણ તે વકત અલ્લાહએ તે ટેકરીને ઊંચી થઈ જાવાની વહ્ય કીધી. ટેકરી બચ્ચાંના સાથે એટલી ઊંચી થઈ કે, કોઈ પરિંદું પણ હવામાં એટલી ઊંચાઈ પર ન જઈ શકે!

આપ તે ટેકરી નઝદીક પધારા, ટેકરી પોતાની અસલી હાલતમાં આવી ગઈ. બચ્ચું આપની આગૌશમાં આવી બેસી ગયું. રોવા લાગું. બચ્ચાએ ત્રણ વાર ગમનાક આવાઝ કીધો અને પછી જાન મુકી દીધો. આપ ફરમાવવા લાગા કે, "અય લોગો! તમેં મારા નાકહના સાથે સાથે તેના બચ્ચાંની મૌતના પણ ઝિમ્મેદાર છો. બચ્ચાએ ત્રણ વાર આવાઝે દર્દનાક કીધી તે એક-એક તમારે વાસ્તે એક-એક દિનની મોહલત છે. અલ્લાહ તરફથી તમને તીન દિન મિલા છે, તમારા ઘરોમાં તમને જે ફાયદો લેવો હોય તે લઈ લો. પછી અલ્લાહનો ભારી અઝાબ આ ઝમીન પર ઉતરશે અને યાદ રાખજો કે, **તમારા રબનો વાઅદો સાચો છે, તેમાં કોઈ ફરક કે જૂઠ નથી."** આ ઝિક્ર કુરઆને કરીમમાં સૂરતુલ આઅરાફ, સૂરતે હૂદ અને સૂરતે બની ઈસ્રાઈલમાં આવેલી છે.

આ અઝાબની નિશાની એ છે કે, પહેલે દિન તમારા તમામના ચહેરા ઝર્દ-પીલા થઈ જાશે, તે બાદ બીજે દિન સઘલાના ચહેરા લાલ થઈ જાશે અને આખિર તીસરે દિન તમામ ચહેરા કાલા થઈ જાશે. જે મુજબ અઝાબ બતાવવામાં આવો હતો એમ જ બનું. સવારે જે વક્ત તમામ ઉઠા તો જોયું કે, બધા પીલા-પીલા છે, પાનીથી તે પીલાશ નિકાલી નિકાલીને થાકી ગયા પણ કઈ કામ ના લાગું. બીજે દિન ફજરમાં ખૂનના રંગ જેમ બધાના મૂઁહ લાલ ટેટા જેમ થઈ ગયા. તમામને અઝાબનું યકીન પાકું થાતું ગયું. આપના નઝદીક મુઆફી માંગવા આવા. આપે કહ્યું કે, **"હવે તમારા વાસ્તે કોઈ ચારો નથી."** આખિરી દિન આઁખોની સફેદીને છોડીને તમામના ચહેરા ડામર અને કોલસા જેમ કાલા ઠીકરા થઈ ગયા. અઝાબની વાર જોવા લાગા. કાલા ચહેરાઓ સાથે તેઓની અક્લ પણ કાલી થઈ ગઈ.

(બકીયાહ પેજ નં. ૧૨ પર)

**બૈરોની ખૂબી તેની શરમ અને ખિદમતમાં છે.**

## નફ્સની માઅરેફત

મૌ. કુમૈલ બિન ઝિયાદ (રિ.અ.) થી બયાન આવેલું છે કે, એક મરતબા મેં મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને અરઝ કીધી કે, યા અમીરલ મુમેનીન! હું ચાહું છું કે, આપ મને મારા જાનની માઅરેફત કરાવો. આપ મૌલાએ ફરમાવું કે, અય કુમૈલ! તમેં કયા નફસની માઅરેફત કરવા ચાહો છો? કુમૈલે અરઝ કીધી કે, અય મૌલા! તે નફસ તો એક જ હોય! આપે ફરમાવું કે, અય કુમૈલ! તમેં બરાબર સાંભલો અને યાદ રાખો કે, નફસ ચાર તરહની હોય છે. ૧. નફસે નામીયહ નબાતીયહ - ઉગનારો વધનારો નફસ જે લીલોતરીમાં જોઈ શકાય છે. ૨. નફસે હિસ્સીયહ હયવાનીયહ - એહસાસ કરનારો અને પોતાના જિસ્મથી માહૌલને પરખનારો નફસ જે હયવાનમાં જોઈ શકાય છે. ૩. નફસે નાતેકહ કુદસીયહ - પાકીઝા મીસાક આપનારો નફસ જે હક્કના સાહેબની હઝરતમાં ખુદને પૈશ કરી દે છે. ૪. નફસે કુલ્લીયહ ઈલાહીયહ - ખુદાતઆલાની માઅરેફતની હરએક હદને જાનનારો નફસ જે હક્કના સાહેબની તરબીયતથી કામિલ બને છે.

અય કુમૈલ! શું તમેં જાણો છો કે, આ નફસો માંથી હરએક નફસની પાઁચ-પાઁચ કૂવતો-તાકતો અને બે-બે ખાસીયતો હોય છે. આ એવી ચીઝો છે કે જે તેઓને એકબીજાથી અલગ કરે છે. હું તમને પહેલી ઝાતની નફસની ઝિક્ર કરૂં કે, તે

➙ નફસે નામીયહ નબાતીયહમાં પાઁચ કૂવતો આ મુજબ છે :

૧) માકેસહ : જમન માંથી ગૈર ઝરૂરી ચીઝોને રોકનારી
૨) જાઝેબહ : જમન માંથી ઝરૂરી અને ફાયદામંદ ચીઝોને ખેંચનારી
૩) હાઝેમહ : જમન માંથી જિસ્મને તાકત આપનારી ચીઝોને નાના-નાના જોઈતા મિકદારમાં તોડનારી યાઅની હઝમ કરનારી
૪) દાફેઅહ : જમનને હઝમ કરીને તેમાંથી હાસિલ થયેલી ચીઝોને બરાબર આઅઝા તરફ ફેલાવનારી
૫) મુરબ્બીયહ : ઝરૂરી ચીઝોને પહોંચાડા બાદ તે આઅઝાની દેખભાલ કરનારી અને ઉછેરનારી

આ પાઁચ કૂવતો સાથે બે ખાસીયતો, ઝિયાદતી (વધવાની) અને કમી(ઓછા થાવાની) છે. આ નફસે નામીયહ નબાતીયહની પૈદાઈશ કલેજાથી થાય છે.

➙ બીજો નફસે હિસ્સીયહ હયવાનીયહ હોય છે જેમાં પાઁચ કૂવતો આ મુજબ છે :

૧) સામેઅહ : સાંભલવું - કાનની કૂવત
૨) બાસેરહ : જોવું - આઁખની કૂવત
૩) શામ્મહ : સુંઘવું - નાકની કૂવત
૪) ઝાએકહ : ચાખવું - ઝબાનની કૂવત
૫) લામેસહ : અડકવું - ચામડીની કૂવત

આ પાઁચ કૂવતો સાથે બે ખાસીયતો, રિઝા (ખુશ થાવાની) અને ગઝબ (ગુસ્સે થાવાની યા નારાઝ થાવાની) છે. આ નફસે હિસ્સીયહ હયવાનીયહની પૈદાઈશ દિલથી થાય છે.

➙ ત્રીજો નફસે નાતેકહ કુદસીયહ હોય છે જેમાં પાઁચ કૂવતો આ મુજબ છે :

૧) ઝિક્ર : યાદ કરવું અને યાદ અપાવવું
૨) ફિક્ર : સોચવું અને ગૌર કરવો
૩) ઈલ્મ : જાણવું અને નવી ચીઝોને પરખવી
૪) હિલ્મ : જાણીને તેને પચાવવું અને બીજાને સહી વક્ત પર જણાવવું
૫) નબાહત : વક્તને ઓલખીને હુશિયારીથી ઈલ્મનો ઈસ્તેમાલ કરવો.

આ પાઁચ કૂવતો સાથે બે ખાસીયતો, નઝાહત (હર તરહ પાકીઝગી અને ઈન્સાફપસંદી) અને હિકમત (હર ઈલ્મ સાથે અમલને જોડવું અને હર અમલ સાથે ઈલ્મને જોડવું) છે. આ નફસે નાતેકહ કુદસીયહની પૈદાઈશ અક્લથી થાય છે. અક્લ ઈન્સાની જિસ્મનો કોઈ આઅઝા નથી, મગર તેનો રાબેતો દિમાગ સાથે છે. દિમાગની કૂવત અક્લથી જાઁચી શકાય છે. (બકીયાહ પેજ નં. ૧૨ પર)

**ઈબાદતની ખૂબી તેની નિય્યત અને ઈખ્લાસમાં છે.**

## પૈદાઈશે ખત્મુલ મુરસલીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)

મૌ. અબ્દુલ્લાહ બિન અબ્બાસ (રિ.અ.) બયાન કરે છે કે, "મેં મારા બાવાજીને આ મુજબ કહેતા સાંભલા છે કે, મારા બાવાજી મૌ. અબ્દુલ મુત્તલિબને જે વક્ત અલ્લાહતઆલાએ મૌ. અબ્દુલ્લાહ (રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના વાલિદે કરીમ) ની બાજમાલ શિકલો શમાઈલમાં ફરઝંદે બાકમાલ બખ્શા તે વક્ત હમેં સઘલા ઘરમાં મૌજૂદ હતા. ઘરની પૂરી ફિઝા ખૂશીયો મસર્રતથી લબરૈઝ હતી. હમેં મૌ. અબ્દુલ્લાહના ચહેરા મુનવ્વરમાં આફતાબની મિસિલ નૂર અને તજલ્લી જોઈ કે, તેથી ઘરની હર ચીઝમાં નૂર ઝલકી રહ્યું હતું."

પછી મેં મારા ભાઈ મૌ. અબ્દુલ્લાહને થોડા અય્યામ બાદ સપનામાં જોયા કે, "આપના નસકોરા માંથી એક સફેદ પરિંદું નિકલું, પછી તે ઉડતું ઉડતું મશ્રિક-પૂર્વમાં ગયું. તેએ ત્યાં ગશ્ત લગાવી, પછી ફિરીને મગરિબ-પશ્ચિમ તરફ ગયું અને જ્યાંથી તે ઉડું હતું ત્યાં પાછું આવું. આસ્માન પર ચક્કર લગાવા અને આખિર કાઅબતુલ્લાહની છત પર જઈને પડી ગયું. તે વક્ત કાઅબાના હરમમાં જે કુરૈશીઓ હાઝિર હતા તે આ જોઈ રહ્યા છે. તમામ તઅજ્જુબમાં પડી ગયા છે. પછી તમામ ઝમીન તરફ ઝુકી ગયા અને તે પરિંદાને મુકાબિલ થઈ સજદો બજા લાવા. **આ સાથે મેં જાયું કે, મારા ભાઈ મૌ. અબ્દુલ્લાહના સર પર આસ્માનથી એક ચમકીલું નૂર ઝમીન તરફ ઉતરૂં**, યહાઁ તક કે તે નૂર એટલું દરાઝ થયું કે, તેનો એક છેડો મશ્રિક તરફ ગયો અને બીજો છેડો મગરિબ તરફ ગયો. આ મુજબ હર જગા તે નૂરથી નૂરાનીદાર થઈ ગઈ."

"આ અજીબો ગરીબ નઝારો જોઈને મારાથી ના રહેવાયું, તો મેં મારા બાવાજી મૌ. અબ્દુલ મુત્તલિબના નઝદીક અરઝ લઈને ગયો. બાવાજીએ આ તરહની મૌ. અબ્દુલ્લાહ વાસ્તે મોઅજિઝ-બયાની સાંભલીને મારી પૈશાની ચૂમી લીધી અને મારાથી તે વાત કોઈ બીજાને ના કહેવાનો વાઅદો લીધો. બાવાજીએ મારા સપનાની એ તાઅબીર ફરમાવી કે, "મૌ. અબ્દુલ્લાહની સુલ્બ-પીઠ માંથી એક એવા બચ્ચા-ફરઝંદ પૈદા થાશે કે, જેની શાન અઝીમ થાશે. આફાક અને અફલાકમાં જે હતા અને રહેશે. જેની જલાલતની માઅરેફત આ દુનિયાની હર શય કરશે. **જેના કલામ યૌમે કેયામત તક લોગોની ઝબાન પર રહેશે અને મશ્રિકો મગરિબના લોગો જેને તાબેઅ થાશે.** જેના હાથ પર આ કાઅબાના રબનું દીન કાઈમ થાશે."

તે બાદ ઝમાનો ગુઝરતો ગયો. હમ ભાઈઓમાં બાવાજીને તમામ કરતા પ્યારા મૌ. અબ્દુલ્લાહ હતા. આપની શાદી મૌ. આમેનહ બિન્તે વહબ અઝ-ઝોહરી (રિ.અ.) સાથે થઈ અને અલ્લાહતઆલાનો કરમ થયો કે, મૌ. આમેનહ, રહમતુલ લિલ આલમીન મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) થી હામેલહ થયા, આપના શિકમે અત્હરમાં બરકાતે મોહંમદીયહ કરાર પામી અને આ ઝમીન નૂરે રબ્બાનીથી રૌનકઅફરૌઝ થાવા તૈયાર થઈ.

મેં મૌ. અબ્દુલ્લાહ બાબત જે સપનું જોયું હતું તે જ તરહનું સપનું મૌ. આમેનહ બીબીએ પણ જોયું કે, "આપે મૌ. અબ્દુલ મુત્તલિબને જોયા કે આપ નાના બચ્ચા નબી સાહેબને હાથમાં લીધા છે અને ફરમાવે છે કે, અય મોહંમદ! આપના રબ આપના ઉપર સલામ પઢે છે અને આપના વાસ્તે ફરમાવે છે કે, "આગ હરામ છે તે પીઠ પર કે જે પીઠ માંથી આપ નિકલા (યાઅની મૌ. અબ્દુલ્લાહ) અને આગ હરામ છે તે પેટ પર કે જે પેટે આપના હમલનું વઝન ઉઠાવું (યાઅની મૌ. આમેનહ) અને આગ હરામ છે તે શખ્સ પર કે જેએ આપની પરવરિશ કીધી (યાઅની મૌ. અબ્દુલ મુત્તલિબ અને મૌ. અબૂ તાલિબ). **અય મોહંમદ! આપ આપની ઉમ્મત અને આગલા નબીયોની ઉમ્મતના યૌમે કેયામત શફાઅત કરનાર થાશો.**" તે બાદ આપ ફરમાવે છે કે, ફરમાને ઈલાહીથી ફરિશ્તાઓએ આ બચ્ચા મોહંમદના બે ખભાના દરમિયાન નૂરાની મોહર લગાવી અને રૂહુલ કુદસ ફૂંકી અને સફેદ નવું નક્કોર કમીસ પહેરાવું.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના આ વાકેઆથી રોશન થાય છે કે, જો આગ આપના બાવાજી, આપના માઁ સાહેબા અને આપના કાકાજી-કાકી સાહેબા જેના સાથે આપનો જિસ્માની રિશ્તો હતો, તેના પર હરામ કરવામાં આવી હોય તો આપની વલાયત, મહબ્બત અને ઉલ્ફત રાખનાર મુમેનીન વાસ્તે શું હુકમે ઈલાહી હશે! આપની શરીઅતે ગર્રા પર ચાલનાર મુખ્લેસીનની કેવી ફઝીલત હશે! **આપને જોયા બગૈર આપ પર ઈમાન લાવનારના સવાબની કેવી ગિન્તી હશે!** આપના હર કૌલ પર અમલ કરનાર મુકેનીનનો કેવો દરજો હશે! અરે! આપના દાઈની દાઅવત પર લબ્બૈક કહેનાર મુશ્ફેકીન વાસ્તે કેવી ફત્હો ફલાહ હશે! ઝરૂર, આ તમામ ચીઝો હમારા વાસ્તે છે અને આપ નબી સાહેબના સબબ હમારા વાસ્તે પણ જહન્નમની આગ હરામ કરવામાં આવી છે. ✯

**ઈબાદતની ખૂબી તેની નિય્યત અને ઈખ્લાસમાં છે.**

# ઈબરતનાક અહાદીસે બની ઈસરાઈલ
## કિસ્ત-૩૨

### કોઈનો હક્ક ગસબ કરવાવાલાનું દીન ઝાયેઅ છે.

ઝુલ્મ, ઈન્સાફનો દુશ્મન છે. જ્યાં ઝુલ્મ હશે ત્યાં દિલોમાં કડવાશ હશે. લોગોમાં નાઈત્મિનાની અને બેકલી હશે. ખુદાતઆલાના રસૂલો અને ઈમામો સાલોં તક શરપસંદ લોગોનો ઝુલ્મ બરદાશ્ત કરી ગયા છે. આ દૌર મજબૂરી, બેકરારી અને મઝલૂમીનો દૌર છે. હર જગા પર હક્કને મિટાવનાર અને હક્કને છિનનાર-ગસબ કરનાર લોગો વાર જોઈને જ બેસેલા હોય છે. હક્કને ગસબ કરનાર અને તેને આંચકી લેનારથી દુનિયા ભરેલી છે. મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) સાથે ગદીરે ખુમ્મમાં શું બનું અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ઈન્તેકાલ પુરમલાલ બાદ આપની મસ્નદે પાકીઝા પર કબ્ઝો જમાવીને કૌન કૌન ગાસિબે હક્ક થયા અને તેઓએ મૌ. અલી સાથે કેવી દગાબાઝી કીધી તે તમામના નઝદીક રૌશન છે? ખુદાતઆલા ખૂદ જે સાહેબને દીને હક્ક સાચવવાનો હક્ક આપતા હોય અને જેઓ તે હક્ક પર જ વાર કરે તો તેઓના રોઝા, નમાઝ, નૈકી, પરહેઝગારીનો શું હાલ? જેઓ શરીઅતના મકસદને જ ન સમઝી શકા હોય તો પછી તેઓના આઅમાલનો શું હાલ થાય?

બની ઈસ્રાઈમાં એક શખ્સ હતો જે ગુનાહોં પર સવાર હતો. તેનો આ હાલ ઘણા સાલો તક રહ્યો પણ એક દિન ખુદાતઆલાએ તેને તૌફીક બખ્શી અને પોતાના હાલ પર નાદિમ થયો, પરૈશાન થયો. તે સોચવા લાગો કે, તેએ ખરાબમાં ખરાબ ગુનાહ કીધા છે તો તેના વાસ્તે તૌબા કરવાની મુનાસિબ જગા કઈ હોય શકે! **કઈ જગા પર તે ઈત્મિનાનથી પોતાની ઝાતને ખુદાને સોંપીને રાઝી કરી શકે.** થોડા અય્યામ તક તે પરૈશાન રહ્યો પછી ખયાલ આવો કે, તેની ઝોપડીથી થોડે દૂર એક પહાડીમાં ગુફા છે જેમાં તેનો મકસદ હાસિલ થઈ શકે એમ છે.

એક દિન તે ગારમાં પોતે તને તન્હા પહોંચી ગયો. તેને તો એમ જ હતું કે, ગારમાં કોઈ નહીં હોય પણ તેએ જોયું કે, ત્યાં એક ગોશામાં વાંદરો બેસેલો છે. તે શખ્સને જોઈને વાંદરો આમ-તેમ થાવા લાગો, દાંત પીસવા લાગો અને ગુસ્સામાં આવીને ગુફાને બાહર ચાલો ગયો. પેલા શખ્સને કઈ જ ફરક ન પડો અને તે એક ખાંચામાં જઈને, ચાદર બિછાવીને બેસી ગયો. **તે ઈબાદતમાં મશ્ગૂલ થઈ ગયો અને ઝોર-ઝોરથી રોઈને તૌબા કરવા લાગો.** મગરિબ થઈ કે, વાંદરો પાછો ગુફા તરફ આવો. જે જગા પર તે વરસોથી રહેતો હતો તે જગા પર જઈને બેસી ગયો, એમ સમઝીને કે, શાયદ પેલો શખ્સ રાત પડતા જ ગુફા માંથી ચાલો જાશે. ઈબાદતથી જે વક્ત તે શખ્સ ફારિગ થયો તો ગુફાના બીજા છેડે વાંદરાને જોયો. તેએ મોટો પત્થર હાથમાં લીધો અને વાંદરા તરફ જાવા લાગો. પત્થર જોઈને વાંદરો ડરી ગયો અને હમેશા વાસ્તે ગુફાને છોડી દીધી.

તે શખ્સે ગુફાને જ પોતાનું મકાન બનાવી દીધું. તે તૌબા કરતો રહ્યો અને એક પછી એક ચાલીસ સાલ ગુઝરી ગયા. તે જવાન શખ્સ હવે ઝઈફ થઈ ચુકો હતો પણ ઈબાદત કરવામાં કોઈ કચાસ બાકી રાખતો ન હતો. એક દિન ખુદાતઆલાએ એક ફરિશ્તાને તે શખ્સની તરફ મોકલા અને પૈગામ પહોંચાવો કે, **અય શખ્સ! ચાલીસ સાલ તક તુંએ જે અમલ આ ગારમાં રહીને કીધા તે ખુદાને કુબૂલ અને મંઝૂર નથી.** તારી તૌબા અને ઈબાદત ઝાયેઅ છે. તે શખ્સ ખૂબ રોવા લાગો અને પૂછ્યું કે, આમ કેમ? ફરિશ્તાએ કહ્યું કે, તું યાદ કર કે જે વક્ત તું આ ગુફામાં આવો તો એક વાંદરો યહાઁ રહેતો હતો. તુંએ તારી ગરઝ વાસ્તે ઈબાદત શુરૂ તો કીધી મગર સાથે સાથે વરસોથી ત્યાં રહેતા વાંદરાને તુંએ મારવાની કોશિશ કીધી અને તારા સબબ તે બેઘર થઈ ગયો અને તારા ખિલાફ ખુદાને શિકાયત કરવા લાગો. **તુંએ તો નાહક્ક આ ગુફા પર કબ્ઝો કીધો પણ તે વાંદરો એક જગેથી બીજે ભટકતો રહ્યો. તું ગુનાહગાર છે.**

ખુદાતઆલા હરગિઝ એમ ચાહતા નથી કે, કોઈ બીજાના હક્કને ગસબ કરે, હક્ક મારે. ખુદાતઆલા કોઈના પર પણ ઝુલ્મ કરતા નથી પણ બંદો પોતે પોતાની ઝાત પર ઝુલ્મ કરે છે અને પોતાના અમલને ઝાયેઅ કરે છે. અય શખ્સ! જો તું તારી બહેતરી ચાહતો હોય તો આ ગુફા માંથી નિકલ, બીજી કોઈ જગા તલાશ કર અને નવેસરથી ઈબાદતનો સરંજામ કર. ખુદાનું આ ફરમાન સાંભલીને તે શખ્સ ગાર છોડીને ચાલો ગયો અને બીજા ચાલીસ સાલ તક ખુદાની ઈબાદતમાં ગુઝારી દીધા. આખિર ખુદાએ તેની તૌબા કુબૂલ કીધી અને જન્નતની નેઅમતોનો હદીયો અતા કીધો. ✩

**ઝબાનની ખૂબી વાઅદાવફાઈમાં છે.**

# રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
## કિસ્ત-૧૬

### ભલાઈ અને સચ્ચાઈ પર ચાલવું અને તેના કરનારને દોસ્ત બનાવવા

કુરઆને કરીમમાં સૂરતુલ મુજાદેલહમાં અલ્લાહતઆલા ફરમાવે છે કે, "શું તમેં તે લોગોને નથી જોતા કે, જેઓને કાનાફુંસી કરવાથી રોકવામાં આવા છે તેઓ પાછા આ જ બદ-અમલ તરફ વલે છે કે, જેના વાસ્તે તેઓને મનાઈ કરવામાં આવી હતી. આ લોગોને ભલાઈ સાથે કોઈ રિશ્તો-નાતો નથી પણ આપસમાં બુરાઈ, ઝિદ અને રસૂલની નાફરમાનીની વાતો કરે છે. આ લોગો તે છે કે, જેઓને ભલાઈની કોઈ વાત ગમતી નથી પણ જે વક્ત તેઓ (અય રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.)) આપના પાસે આવે છે તો આપને અવલ લગાડવા એવી તરહ આપની તાઅઝીમ કરે છે, ઝુકે છે કે શાયદ ખુદ અલ્લાહે પણ આપની એવી તાઅઝીમ નહીં કીધી હોય. આમ કરીને તેઓ એમ ગુમાન કરે છે કે, હમેં કેવા રસૂલને નઊઝોબિલ્લાહ બેવકૂફ બનીએ છીએ કે, હમેં જે કરીએ છીએ યા કહીએ છીએ તે ઉપર અલ્લાહ હમને અઝાબ તો કરતો જ નથી !" તો પછી અલ્લાહતઆલા ફરમાવે છે કે, **"અય નાફરમાન લોગો! તમારૂં ઠેકાણું જહન્નમ છે, તે તમારા વાસ્તે કાફી છે. તમારા કરતૂતોના સબબ તમેં તેમાં જલશો અને બુરા લોગો વાસ્તે તે બુરી જગા છે."**

પછી ભલાઈ કરનાર ઈમાનદારો વાસ્તે ફરમાવે છે કે, "અય તે લોગો જે ઈમાન લાવા! તમારા વાસ્તે ખૂબ બહેતર છે કે, તમેં રસૂલના નઝદીક તમારી ઝાતી-ખુફીયહ વાત કહો તમારા દિલની તસલ્લી વાસ્તે. આમ કરવું ભલાઈ અને તકવાની વાતોંમાં શુમાર થાય છે. પણ તમેં રસૂલના નઝદીક બુરાઈ, મનમાની અને તેના ફરમાનને ફરામોશ કરવાની વાત ન કરો. આ તો મોટો ગુનાહ છે. તમારો રબ ચાહે છે કે, તમેં તેના અઝાબથી ડરો કેમકે, આખિર તો તમેં સઘલા તેના નઝદીક જ જમાઅ કરવામાં આવશો. **મુમેનીન હોવાના સબબ તમારો હશર એક સાથે અને એક જ કૈફીયતથી થાશે."**

અલ્લાહનો હરએક બંદો એમ દોઆ કરે છે કે, "અય હમારા રબ, હમારા ગુનાહોંને બખ્શી દે, હમને બુરાઈથી આઝાદ કરી દે અને હમેં આ દુનિયાથી જે વક્ત ગુઝરીએ તો હમારો હશર અબરાર-ભલા લોગો સાથે કરજે." રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.), આપની આલે અત્હર અને આપના દાઈની નાફરમાની બુરાઈનું માથું છે. તમામ બુરાઈની જડ માઅસીયત કરવી અને નાફરમાનીએ સાહેબે દાઅવત છે. ભલાઈ કરનાર લોગો હમેશા હમેશા જન્નતુન્નઈમમાં વસનાર છે અને ફુજ્જાર - બદ-કિરદાર લોગો હમેશા હમેશા ધગધગતી આગમાં મુઅઝઝબ થાનાર છે.

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) આપના ફરઝંદોને વસીયત કરે છે કે, **"અય મારા પ્યારા દીકરાઓ ! તમેં તમારી પોતાની ભૂલને કોઈ વક્ત ના ભૂલજો. જે કોઇ આમ નહીં કરે તે ખુદને સુધારી નહીં શકે."** પોતાની ભૂલને કુબૂલ કરીને તેમાં ઈસ્લાહ કરી લેવી જ અકલમંદી છે. જે ખુદની ભૂલને શનાખ્ત કરવામાં કુસૂર કરતો હોય તે બીજાની ભૂલને કઈ તરહ પહેચાની શકે! આના સબબ તેનો એવો રવૈયો બની જાય છે કે, જે વક્ત કોઈ બીજું નાની જેવી પણ ભૂલ કરે છે, તો તેને તે ભૂલ ઘણી મોટી લાગે છે. પણ તે એ વાતને નઝરઅંદાઝ કરી દે છે કે, એવી ભૂલ તે ખુદ પણ કરી ચુકો છે પણ તે ભૂલ તેને યાદ નથી. **તો જે શખ્સ પોતાની જ ભૂલને ભૂલી જાય અને તેની આ ભૂલથી બીજાની ભૂલને જોયા કરે તો તેની આ મોટી ભૂલ ગિનાશે.**

આપ મૌલા હજી ફરમાવે છે કે, "જે કોઈ શખ્સ પોતાની રાય, વાત, મત અને ફિકરો ખયાલ પર અકડશે તો તેની આ ગુમ્રાહીથી તેને કોઈ બચાવી નહીં શકે." ઘણાઓને એવી બદ આદત હોય છે કે, તેઓ એમ સમઝી બેસે છે કે, પોતે જે કઈ પણ કરે છે, સોચે છે, તે હર વક્ત સહી હોય છે. તેઓની આ આદત સામે તેઓ કોઈના પણ મશ્વરા-સલાહની દખલઅંદાઝી બરદાશ્ત કરી શકતા નથી. બીજા તરફથી નૈક સલાહ-સૂચનના તમામ દરવાઝા તેઓ બંધ કરી દે છે. તેઓ પોતાના જ દિમાગી મૈદાનમાં રમા કરે છે. તેઓ પોતાની ઝાત પર ઝુલ્મ કરે છે અને ખુદખયાલીના ચક્કરમાં ગુમ્રાહ થઈ જાય છે. ઈન્સાન જો ખુદના વિચારો સાથે બીજા નૈક લોગોના સહી તસવ્વુરાતને જોડે તો ઘણી બધી દિક્કતો અને પરૈશાનીઓ ખુદ-બ-ખુદ મિટી શકે છે. ખુલ્લી ફિઝામાં આવા લોગો જો પોતાના વિચારોને મુકે તો નૈકીઓની હવાઓ તેને ઔર બલંદી પર પહોંચાવી શકે છે. ☆

**જમનની ખૂબી તેનું હર લેહાઝથી મોઅતદલ હોવું છે.**

## ૨૫માં દાઇએ મુત્લક
## સૈયદના ફખરુદ્દીન જલાલ બિન સૈ. હસન (આ.કુ.)

**તારીખે વફાત : ૧૬ ર.આખર ૯૭૫ હિ.**

આપ મૌલા દાઈના અઝીમુશ્શાન દરજા પર ફાઈઝ થયા, તે સૈયેદના યૂસુફ નજમુદ્દીન બિન સૈ. સુલૈમાન (આ.કુ.) ની દોઆનો નતીજો હતો. આપના નાનાજી મૌ. અહમદ સાહેબે યમનના હાકિમની સખ્તીથી સૈયેદના યૂસુફ સાહેબને નઝરકૈદથી છોડાવા તે ખિદમતના સિલામાં સૈયેદના સાહેબે દોઆ ફરમાવી કે, "અય અહમદ! તમારા નવાસાનો ઈકબાલ બલંદ થાશે. તેની દીદમાં તમારી આંખ ઠંડી થાશે. **તે દાઅવતે હક્કની ખિદમત બજા લાવશે અને ઈલ્મો હિકમતની નહેર જારી કરશે.**"

આપ સૈયેદના જલાલ સાહેબ યમન ઈલ્મ પઢવા ગયા અને હિન્દુસ્તાન આવીને, સૈ. યૂસુફ સાહેબની હિદાયત મુજબ દાઅવતે શરીફહની બેબહા, બેલૌસ અને બેગરઝ ખિદમત બજા લાવા. આપની દાઅવતની મુદ્દત ફક્ત ચાર મહીનાની જ છે મગર દાઈએ મુત્લકના દરજા પર કાઈમ થયા પહેલા આપે દરાઝ મુદ્દત તક દાઈયુલ્લાહને નઝદીક રહીને હર તરહનો અમર ઉચકો છે અને હર તરહના ઈમ્તેહાનનો ઝમાનો જોયો છે. તે આપ જ હતા કે, જે આપના બાદ બે દાઊદને કાઈમ કરી ગયા, આપના બાદ આ દાઊદૈને ૫૦ સાલ તક દાઅવતે શરીફહની ખિદમત બજા લાવી.

આપ બયાન ફરમાવે છે કે, કૌમે બની ઈસ્રાઈલના વક્તમાં નબીએ ખુદાતઆલા સાથે ગુફ્તગૂ કરતા પૂછું કે, "અય ઈલાહલ આલમીન! હરએક બાદશાહના નઝદીક ખઝાના હોય છે, માલો ઝર અને જવાહેરાતના દફીના હોય છે, તો અય મારા માઅબૂદ! તું તો શાહોનો શાહ છે, તારો ખઝાનો કહાઁ છે અને કેટલો છે?" હાતિફે નિદા કીધી કે, "અય નબી! હમારો ખઝાનો તો અર્શ કરતાં વધીને છે, જન્નત કરતા વધારે ઝીનતદાર છે. **મારો ખઝાનો મારા મુમિનનું દિલ છે.** તે દિલ એ મુજબ છે કે, તેમાં માઅરેફતનો સૂરજ છે, તૌહીદનો ચાંદ છે, ઈલ્મના તારા છે, ઉમ્મીદની વિજલી છે, ખુદાના ખૌફનો રઅદ-ગાજવીજ છે, સખાવતનો દરીયો છે, ફઝલો કરમનું વાદલ છે, રહેમતનું પાની છે, સવાબે ઈલાહીની હિમ્મત છે, ઈબાદતનો પહાડ છે, તાઅતના દરખ્તો છે, ઝોહદની ગલીઓ છે, તૌબાના ફૂલ છે, હિકમતના ફલ છે, ફિકરની નહેર છે." આ તમામ આઅલા ચીઝો ખુદાતઆલાએ એક મુમિનના દિલમાં અતા કીધેલી છે. હકીકતમાં મુમિનનું દિલ કે, **જેમાં ખુદાની માઅરેફત ભરેલી હોય તે કાઅબતુલ્લાહની હુરમત કરતા પણ અઝીમ છે.**

આપ મૌલા ફરમાવે છે કે, અય મુમેનીન! તમારી ખિલકતમાં અને બીજા ગૈરની પૈદાઈશમાં ફરક શું કામ છે? તમારી ઝિંદગી અને મૌત બીજા કરતા બાલાતર શું કામ છે? કેમકે, તમારામાં ચાર સિફતો એવી છે જે શીઈયતની નિશાની છે : ૧) **તવક્કુલ**-ખુદાના હર ફેસલા પર ભરોસો. ૨) **યકીન**-હરએક ચીઝમાં ઈન્સાફ અને સવાબનો એતેમાદ. ૩) **હક્ક**-સચ્ચાઈપર રહેવું અને તેના તરફ વલવું. ૪) **કેનાઅત**-જે હોય તે ખુદા તરફથી સમઝી તેના વાસ્તે શુક્ર કરવો અને ઉમ્મીદ મુજબ જો ના હોય, તો પણ ખુદાની મરઝી જાણીને તે પર સબર કરવો.

આપ મૌલાની ઝિંદગીના આખિરી અય્યામ હતા અને આપ કૈદે બિસ્તર હતા, તે વક્ત આપ ફરમાવે છે કે, મને ઈમામુઝઝમાન (અ.સ.) ના દીદારે નૂરાની થયા અને આપ મને ફરમાવે છે કે, અય જલાલ! તમારા પાસે કેટલી દૌલત છે? મૈં જવાબ આપો કે, **અય મૌલા! ખુદાના ફઝલથી મારા દરબાર દૌલતથી ભરેલા છે, હું ગની છું.** આપ ફરમાવો આ ગુલામ શું આપની ખિદમત કરી શકે છે? ઈમામ આલી મકામે ફરમાવું કે, "અય જલાલ! તમેં તમામ તમારી દૌલત મદ્રસાને કાઈમ કરવામાં, બચ્ચાંઓની તાઅલીમો તરબીયતમાં અને દાઅવતના ઊલૂમ પઢાવવામાં સર્ફ કરી દો. મુમેનીનના ફરઝંદો ખુદાતઆલાનું લશ્કર છે. આ ફરઝંદોને ખુદાના દીન વાસ્તે તૈયાર કરો. ફાની દુનિયાની દૌલત પણ ફાની છે. અય જલાલ! હમેં તમારા ઈસ્તિકબાલ વાસ્તે તૈયાર છીએ. **તમેં ફનાનો રસ્તો પકડો તે પહેલા બકાની રાહમાં દૌલતને કુરબાન કરી દો.**

આ ફરમાને ઈમામીને ગરદાનીને આપ મૌલાએ આપના હુદૂદ અને મૌલાઈઓને ફરમાન કરીને મદ્રસા કાઈમ કરાવા અને ઈલ્મો તાઅલીમનો અહમદાબાદ અને બીજી જગાઓ પર મઝબૂત સરંજામ કરાવો. આપે દૌલતને કુરબાન કરીને મુમેનીનની જાનોંમાં ઈલ્મની જાન ફૂંકી દીધી. ✫

**કિતાબની ખૂબી તેના પઢનારને ફાયદો થાવું છે.**

## ફિરકએ નાજીયહ – નજાત પામનારો ગિરોહ – અપની ઝબાન

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ ઈસાઈ જાસલીકને કહ્યું કે, મૌ. મૂસા કલીમુલ્લાહ (અ.સ.) બાદ બની ઈસ્રાઈલના કિતલા ફિરકા થયા? તે ચુપ રહ્યો અને બોલો કે, મને કિતાબમાં જોવું પરસે. આપે કહ્યું કે, "અફસોસ! જો અગર કિતાબ હલાક થઈ જાય તો સું તારૂં ઈલ્મ પન તે કિતાબ સાથે ચાલું જાય! અય જાસલીક! તું જાની લે કે, મને તે વાતની ખબર રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સી છે કે, બની ઈસ્રાઈલના ૭૧ ફિરકા થયાચ, તેમાંથી ૭૦ ફિરકાઓ જહન્નમી છે અને ફક્ત એક જ જન્નતી છે."

પછી આપે અલ્લાહતઆલાનો આ કૌલ કુરઆને કરીમ માંથી પઢીને સંભલાવો કે, "વમિન કૌમે મૂસા ઉમ્મતુંય યહદૂના બિલ હક્કે વબેહી યાઅદેલૂન", યાઅની, અને કૌમે મૂસા માંસી એક ઉમ્મત હિવી છે કે, જે હક્ક અને અદલો ઈન્સાફ પર છે. જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મેઅરાજ પર પધારા તો મૌ. જિબ્રઈલે આપની મુલાકાત કૌમે મૂસા સાથે કરાવી કે, જેઓ મુલ્કે ચીનના પાછલા હિસ્સામાં રહેતા હતા. આપ નબી સાહેબે તે કૌમ દરમિયાન મક્કતુલ મુકર્રમહમાં નાઝિલ થયેલી ૧૦ સૂરતોની તિલાવત કીધી. કૌમે ફૌરન આપની તસ્દીક કીધી, આપને હક્કના નબી તસ્લીમ કીદા અને **આપના દસ્તે મુબારક પર મુસલમાન થયા.** આ કૌમ મૌ. મૂસાના દીન પર હતી પન તૌરાતના એહલામ મુજબ આખિરી નબીના ઈન્તેઝારમાં હતી. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) સાથે મુલાકાત થાવાની જ વાર હતી કે, તે કૌમે ઈન્સાફ સાથે હક્કને અપનાવી લીદું. આ તરહ આ કૌમે મૂસા ફિરકએ નાજીયહમાં શુમાર છે.

અય જાસલીક! તું જે કૌમથી તઅલ્લુક રાખેચ તે મૌ. ઈસા રૂહુલ્લાહ (અ.સ.) ના ઝમાનમાં ૭૨ ફિરકાઓ થયા હતા તેમાંસી ૭૧ જહન્નમી થયા અને એક જ જન્નતી છે. આ મારો કૌલ નથી પન અલ્લાહતઆલા ફરમાવે છે કે, "વઈઝા યુત્લા અલયહિમ કાલૂ આમન્ના બેહી ઈન્નહુલ હક્કો મિર્રબ્બેના ઈન્ના કુન્ના મિન કબ્લેહી મુસલેમીન", યાઅની, જે વક્ત તે કૌમે ઈસા પર હમારી આયતોને પઢવામાં આવેચ, તો તેઓ કહેચ કે, જે કઈ હમારા રબ તરફથી છે તે હક્ક જ છે અને હમેં તો પહેલાથી જ મુસલમાન હતા.

સીખામન-સબક હાસિલ કરવા વાસ્તે કુરઆને કરીમના બયાન કાફી છે, મુફસ્સલ છે. ઘના અહલુલ કિતાબ યાઅની આસમાની કિતાબોમાં યકીન રાખનાર તેને માનેચ. આ માનવાના સબબ તે સઘલાને ડબલ અજર મિલેચ. **તેઓ નેકી અને સબર સી બદીને ટાલેચ. લગ્વ વાતો-ભૂંડાસ અને ઈલ્ઝામાતથી પોતાને અલગ કરેચ, કેમકે તેઓ માનેચ કે, આમ કરવામાં જ સલામતી છે.** આ આયતમાં તે સાબિક ઉમ્મત-પહેલા ઝમાનાની કૌમની ઝિક્રે ખૈર છે કે, જે ઈબ્રાહીમી મિલ્લત પર હતા પન જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) મબ્ઊસ થયા, નબી બના તે વક્ત ઈસ્લામમાં દાખિલ થઈ ગયા.

૧૫ માં ફાતેમી ઈમામ મૌલાના નિઝાર અલ-અઝીઝ (અ.સ.) ના દાઈએ અકરમ સૈ. અહમદ બિન મોહંમદ અન-નિશાબુરી આપના કિતાબ અલ-મુજેઝતુલ કાફીયહમાં ફરમાવે છે કે, આ આયતમાં તે તમામ લોગો શામિલ છે કે, જે ઈસાઈ મઝહબના હતા જેઓ મૌ. જાઅફરૂત્તૈયાર (અ.સ.) સાથે હબ્શહથી કિશ્તીમાં સવાર થઈને મદીના આવા હતા. રફાઅહ બિન કિરતા કહેચ કે, તેની ગિન્તી દસ અફરાદની હતી અને તેમાંસી હું એક છું. આ સઘલાને ડબલ સવાબ તે વાસ્તે મિલસે કે, **તેઓએ સાબિક મઝહબ અને ઈસાઈ મિલ્લત મુતાબિક પન અમલ કીધો અને હાઝિર શરીઅતે મોહંમદીયહ મુતાબિક પન અમલ કીધો.** ઈસાઈ મિલ્લતના આ ફિરકએ નાજીયહ અને બંદગાને ખુદામાં ચાર આઅલા સિફતો અને નૂરાની ફઝીલતો મિલે છે. ૧) સબર ૨) બુરાઈના બદલામાં ભલાઈ ૩) ઉમ્દા તૌરથી ખર્ચ અને ૪) બેકારની વાતોથી પરહેઝ.

મૌ. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, હમારા દૌરમાં આ સિફતો અને ફઝીલતોના હામિલ અને માલિક આલે મોહંમદ (અ.સ.) અને તેમના શીઆ છે. તે સઘલાએ સબર કીદો, તકીયહમાં રહીને શનાખ્તને છુપાવીને પોતાના ઈમાનને મઝબૂત કરતા રહ્યા. હમારી હકીકતને અને હમારા બાતિનને ઝાહિર ના કીદું. નેકી કરીને બદીને ટાલતા રહ્યા. આપ (બકીયાહ પેજ નં. ૧૦ પર)

**ચાલવાની ખૂબી કોઈના વાસ્તે ખૈર કરવા જાવું છે.**

## લફ્ઝી કશ-મ-કશ

**✵ ઉભી તરકીબ :**

૧) મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.), રસૂલુલ્લાહ બાવાજીના ખાસુલ ______ અસ્હાબ માંથી હતા. (૨)
૨) નાપાક, ગંદુ, ખબીસ. (૩)
૩) કબરમાં કિબ્લાના જાનિબ ______ ની જગા હોય છે જેમાં મૈયેતને તેના જમના પાસા પર સુવાડવામાં આવે છે. (૩)
૭) ______ ની જંગમાં મૌ. જાઅફરૂત્તૈયાર (રિ.અ.) અને બીજા બે સાહેબો શહીદ થયા હતા. (૨)

| | | | | |
|---|---|---|---|---|
| | | ૧ | | |
| | ૨ | | ૩ | |
| ૪ | | X | ૫ | |
| | ૬ | ૭ | | |
| | | | | |

**✵ આડી તરકીબ :**

૨) આ દુનિયામાં તમામ ઔલાદની હસ્તી ખત્મ થઈ જાશે પણ હક્કના સાહેબની આલ અને ______ હર ઝમાનમાં બાકી રહેશે. (૩)
૪) શરમ, હયા. (૨)
૫) મિના, મુઝદલેફા અને અરફા, ઉમ્રહમાં નહીં પણ ______ ના અરકાનમાં શામિલ છે. (૨)
૬) સાલેહ નબીને ખિલાફ જે નાફરમાન કૌમ થઈ તે કઈ હતી? (૩)

**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

| | | | | |
|---|---|---|---|---|
| | | ગા | | |
| | ય | ઝી | દ | |
| છા | તી | X | ફી | લ |
| | મ | દી | ના | |
| | | ન | | |

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર ૨.આખર મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✮

## ઈમાનમાં પહેલા

રસૂલુલ્લાહ બાવાજી આ જહાનમાં દીને ઈસ્લામને કામિલ બનાવવા પધારા અને તે વાસ્તે આપે મખ્ફી તૌરથી મક્કતુલ મુકર્રમહમાં દાઅવત શુરૂ કીધી. આપના કલામની હક્કાનીયત અને દાઅવતની જલાલત એવી હતી કે, દૂરો દરાઝ ઈલાકાથી પણ આપની દાઅવતે મોહંદીયહમાં શામિલ થાનાર અને કલેમએ હક્ક પઢનારની તાઅદાદ કઈ કમ ન હતી. અરબના મુલ્કો માંથી, અજમ-ફારિસ અને રૂસના ઈલાકાથી, રૂમ-યૂરોપના ખત્તા માંથી યા મિસિર-હબ્શહની ઝમીન માંથી યા હિંદ-સિંધના એરીયા માંથી હોય, તમામ જેહત-જાનિબથી લોગો આપની હઝરતે અહમદીયહમાં પધારતા હતા અને ઈસ્લામના નૂરથી મુશર્રફ થાતા હતા.

અપની કિતાબોમાં બયાન આવેલું છે કે, ઈમાનના ઝેવરથી ઝિનતદાર થાવા અને તેની તરફ સબકત કરવાવાલા યાઅની તમામ કરતા પહેલા પાઁચ આલી સિફત શખ્સો છે : ૧) **મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.)** સાબેકુલ અરબ છે યાઅની અરબના લોગોમાં તમામ કરતા પહેલા ઈમાન લાવનાર છે. ૨) **મૌલાના સલમાનુલ ફારસી (રિ.અ.)** સાબેકુલ અજમ છે યાઅની ફારિસ-પરશીયાના લોગોમાં તમામથી મુકદ્દમ. ૩) **મૌ. સોહૈબ (રિ.અ.)** સાબેકુર રૂમ છે યાઅની રૂમીઓ માંથી ઈમાનની રાહમાં તમામ કરતા આગલ નિકલી જાનાર. ૪) **મૌ. બિલાલ (રિ.અ.)** સાબેકુલ હબશ છે યાઅની હબ્શહ પ્રાંત માંથી જે જે લોગો હક્કની તલાશમાં અરબસ્તાન આવા હતા તેમાં આપ પહેલા છે. આપ મુઅઝ્ઝિને ઈસ્લામ છે. ૫) **મૌ. અમ્માર (રિ.અ.)** સાબેકુલ કિબ્ત છે યાઅની મિસિર અને તેના આસપાસના ઈલાકાઓ માંથી તમામ કરતા પહેલા ઈમાનના જૌહરથી મુઝય્યન થાનાર.

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, "**અસ-સાબેકૂનસ સાબેકૂન, ઊલાએકલ મુકર્રબૂન**, યાઅની પહેલા તે પહેલા જ છે અને તે રહમતે ખુદાવંદી અને ફૈઝે અયઝિદીથી ઘણા કરીબ છે. તેઓની જગા અને દરજો કોઈ ના લઈ શકે. તેઓની નફસાની જેહાદના સબબ ફહેરિસ્તે મુમેનીનમાં તેઓ અવ્વલ છે, આઅલા છે, અફઝલ છે અને બરતર છે. ✮

**જોવાની ખૂબી ખુદાની કુદરતથી સબક લેવું છે.**

## ખૈરનો મજમૂઓ

અલ્લાહતઆલાએ ઈન્સાનના જિસ્મમાં મુખ્તલિફ આઅઝા અને હિસ્સા મુકેલા છે. દિલો દિમાગ સાથે હર ઝાહિરી હિસ્સા પર કઈને કઈ ચીઝ ફરઝ કીધેલી છે, યાઅની ઈમાનની શરતો બનાવેલી છે. આ શરતો મુજબ જો કોઈ શખ્સ પોતાના આઅઝા સાથે કામ લે તો એ ગુનાહોથી બચી શકે છે. ઈન્સાનના જિસ્માની ઢાંચામાં જે જે આઅઝા વાસ્તે ઈમાનના કિરદાર નક્કી કરવામાં આવા છે તેને જે કોઈ બરાબર સમઝી લે, **તો તેના ઝરીયે કીધેલા આઅમાલ ખૈરનો મજમૂઓ બની શકે છે.**

મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ફરમાવે છે કે, "ઈન્સાન જેમ જેમ જિસ્માની આઅઝાથી અમલ કરે છે તેમ તેમ એની ખસલતો ખૈર યા શરની શિકલને ઈખ્તિયાર કરે છે. આઁખ અને ઝબાન એવા બે આઅઝા છે કે, જેનાથી અકસર ગુનાહ અને શયતાની અમલ સરઝદ થાય છે. નઝર, ખામોશી અને કલામની બુનિયાદ પર ઈન્સાન ચાહે તો વધારેમાં વધારે ખૈરને જમાઅ કરી શકે છે."

આપ ફરમાવે છે કે, હર તે નઝર કે જેમાં શરમ, એતેબાર અને રઝામંદી ન હોય તો તે શયતાની તીર છે. જેમ શિકારી એક નોંકદાર તીરથી શિકારને ઝખ્મી કરી દે છે, **તેમ બદનઝરનો શખ્સ બેશરમીના તીરથી બીજાની ઈઝ્ઝતને ઠેસ પહોંચાડી શકે છે.** હર ખામોશી કે જેમાં ફિકરો તદબ્બુર ન હોય તો તે ગફલત છે. ઝહેન ખાલી હોય અને ચુપ બેસીને આમને આમ એક જગામાં પડી રહેવું તે કઈ હુશિયારી નથી. ખાલી ઝહેન તે ખાલી વાસણ જેવું છે કે, જેમાંથી ગૈરઝરૂરી આવાઝ પૈદા થાયા કરે છે. હર કલામ કે જેમાં ઝિક્રે હક્ક અને શુક્રે રબ ન હોય તો તે લગ્વ અને બકવાસ છે. કલાકો તક કોઈ બોલે પણ જો તે સચ્ચાઈથી ખાલી હોય તો તે બેમાઅના વાતો એવા વાદલો જેવી છે કે, જે વરસાદમાં તબ્દીલ ન થઈ શક્તા હોય.

ખુશનસીબ છે તે શખ્સ કે, જેની નઝરમાં એતેબાર હોય, જેની ખામોશીમાં સોચવાની ગહેરાઈ હોય અને જેના કલામમાં ખુદાની ઝિક્ર અને તેની અઝમતની બયાની હોય. આ તે શખ્સ છે કે, જે પોતાના ગુનાહોને બખ્શાવવા બારગાહે રબ્બાનીમાં આહો બુકા કરશે અને લોગો વાસ્તે ભલાઈ સિવાય બીજું કઈ જ નહીં વિચારે. ✯

---

(પેજ નં. ૮ નું બાકી)

ઈમામ ફરમાવેચ કે, હમેં સાબેરૂન છે મગર હમારા શીઆ હમારા કરતા ઝિયાદહ સબર કરનાર છે. હમેં સબર કરીએચ હમારા ઈલ્મો હિકમતને સાથે કે, આ મુસીબતનો સબબ સું છે? વલેકિન હમારા શીઆ સબર કરેચ હિવી મુસીબતો પર કે જેની હકીકત સી તેઓ અનજાન છે, મગર કઈ બોલતા નથી, બરદાશત કરે જાઈચ. નૈકી કરે જાઈચ મગર કોઈનાથી બદલામાં નૈકીની તમન્ના રાખતા નથી, **કેમકે તેઓ જાનેચ કે દુનિયા બુરાઈથી ખદબદે છે.**

હવે, અય જાસલીક! તું જાની લે કે ઉમ્મતે મોહંમદીયહના ૭૩ ફિરકાઓ થાસે તેમાંસી ૭૨ જહન્નમી છે અને ફક્ત એક જ જન્નતી છે. તેઓ છે હું અને મારા શીઆ. અલ્લાહતઆલાનો કૌલ છે કે, વમિમ્મન ખલકના ઉમ્મતુંય યહદૂના બિલ હક્કે વબેહી યાઅદેલૂન, યાઅની, હમારી મખ્લૂકાત માંસી એક ઉમ્મત છે જે હક્ક અને ઈન્સાફ વાલા છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવેચ કે, ૭૩ મો ફિરકો ફિરકએ નાજીયહ તે છે કે, મા અના અલયહિલ યૌમા વ અસ્હાબી, યાઅની, તે હક્કનો ફરીક તે છે કે આજે હું અને મારા અસ્હાબ જે મારા સાથે છે, તે એ જ ફરીક માંસી છે. આ કલામનો મફહુમ એ થયો કે, આજે હું તમામના દરમિયાન મરકઝ છું અને મારા અસ્હાબ મારા સી વાબિસ્તા છે, મારી નુબૂવતના સબબ મારા સી જોડાયેલા છે. આ જ મુજબ મારા પછી જે મારા મકામ પર કાઈમ હસે તે મારા જાઁનશીન સાથે વાબિસ્તા રહેસે. હર ઝમાનામાં આમ જ બનસે અને તે ફરીક, ફિરકએ નાજીયહ છે, જેના સરદાર મૌ. અલી અને આપના શીઆ છે.

મૌ. જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવેચ કે, આલમે ઈસ્લામમાં તે એક ફિરકો કે જેની અદાવતના સબબ અને દુશ્મની ઉતારવા, તમામે તમામ લોગો તેમને કાફિર કહેવામાં એકમત થઈ જાઈચ. આ લોગો અંદર-અંદર ગમે તેવો ઝઘડો કરે પન એક જ ફરીકને ઈલઝામ લગાડવામાં એક-ઝબાન અને મુત્તફિક થઈ જાઈચ. તે ફરીક હું અને મારા શીઆ છે. (બકીયાહ પેજ નં. ૧૧ પર)

**ઈલ્મની ખૂબી તેબે બરાબર સમઝીને તેના પર ચાલવું છે.**

## મીલાદે ઈમામુઝ્ઝમાન (અ.સ.)
## ૯૧૫ મી મીલાદે તૈયેબી

નૂરે રબ્બુલ આલમીં કા હે બરસ,
બાદશાહે મુમેનીં કા હે બરસ,
જિનકે નાઈબ હે શહે હાતિમ ઝકી,
ઉસ ઈમામુલ મુત્તકીં કા હે બરસ.

-----------

અંધેરા આલમ સે દૂર કીજીએ,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ,
જહાઁ મુનવ્વર હુઝૂર કીજીએ,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

હરએક તરફ હે બલાઓ આફત,
હરએક તરફ પર હે છાઈ ઝુલ્મત,
નહીં હે એક પલ કિસી કો રાહત,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

હુવા બહુત સબ્ર કો હે અરસા,
નહીં હે ચૈન અહલે દીં કો ઝર્રા,
જહાઁ હો રૌશન જો હોવે જલવા,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

દિખાવો રૂખ અય ઈમામેં અકરમ,
અંધેરે મેં હે તમામ આલમ,
કિધર કો ઢુંઢે હુઝૂર કો હમ,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

જનાબે વાલા ઈમામે તૈયેબ,
ઝકીયુદ્દીન આપકે હૈં નાઈબ,
યે દાઈ કા ભી યહીં હે કૌલ અબ,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

કિસી કા સાફ અબ રહા નહીં દિલ,
હુવા હે નૈકોં કા જીના મુશ્કિલ,
હૈં દુશ્મન અબ આલિમોં કે જાહિલ,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

નહીં દિલોં મેં હે અબ મોહબ્બત,
કહીં હસદ હે કહીં અદાવત,
હર એક કે દિલ મેં ભરી કુદૂરત,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

નબી કે દિલબર અલી કે જાની,
અબ આકે યાઁ કીજીએ હુકમરાની,
ગુલામોં પ કીજીએ મહેરબાની,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

રહે ઝકીયુદ્દીન શાદો ખુર્રમ,
યે હે દોઆ, મુમિનોં કી હરદમ,
સદા હો ઊંચા યે હક્ક કા પરચમ,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ.

યે તૈયેબી આપકા હે ખાદિમ,
ખતા સે અપની બહુત હે નાદિમ,
કરમ હો ઉસ પર અય દીં કે હાકિમ,
ઝુહૂર કીજીએ, ઝુહૂર કીજીએ. ✯

(પેજ નં. ૧૦ નું બાકી)

હમારો અકીદો એ છે કે, કેયામત તક આલે મોહંમદ અઈમ્મતે હક્ક (સ.અ.) નો સિલસિલો બાવાજી બાદ દીકરામાં જારીને જારી રહેસે. હમારા આ ઐન અકીદાના તમામે તમામ મુન્કિર છે. આ હમારો ફરીક ૭૩ મો ફિરકએ નાજીયહ છે કે, જેની તલાશ જહન્નમીઓ જહન્નમમાં કરસે કે, જેને હમેં કાફિર કહેતા હતા તે કહાઁ છે? મગર હમેં તેમને નહીં મિલીએ. કુરઆને હકીમમાં કૌલે ખુદાવંદી છે કે, **"તે જહન્નમીઓ કહેસે કે સું થઈ ગયુંચ કે હમેં તે મરદોને નથી જોતા કે, જેઓને હમેં દુનિયામાં બદલોગો ગિનતા હતા."** આપ ઈમામ આપના શીઆને ફરમાવેચ કે, વલ્લાહ! તમેં ઝરૂર જન્નતી નેઅમતોની લઝઝતને ઉઠાવવામાં મશ્ગૂલ હસો અને તે જહન્નમીઓ જે તમને અને હમને દુનિયામાં અશરાર-ખરાબ ગિરોહ સમઝતા હતા, અપની મઝાક ઉડાવતા હતા, તેઓ આપસમાં લડસે, અપની તલાશ કરસે કે અપને તેઓને કિમ દેખાતા નથી. એ લોગોના હિસાબે તો અપને અઝાબ થાવો જોઈએ પન તેઓ ખુદ ગિરફતે અઝાબમાં પડેલા છે. અપના દુશ્મનોંએ અપની દુશ્મનીમાં જ પોતાની દુનિયા અને આખેરત બેવે તબાહ કરી નાંખી. નાજીના હસદમાં લોગો નારી બની ગયા. ✯

**ઈસ્લામની ખૂબી સલામતી સાથે રહેવું અને બીજાને રહેવા દેવું છે.**

(પેજ નં. ૨ નું બાકી)

સઘલા ઘરોમાં છુપી ગયા અને જેમ મૈયેતને હુનૂત લગાવે છે તેમ પોતાના બદનો પર એલીયાનું હુનૂત લગાવવા લાગા અને ચામરાના કફનો પહેરી લીધા. તે પછી ઘરોને બાહર નિકલીને ઝમીન પર સુઈ ગયા અને આસ્માનની તરફ જોવા લાગા કે, અઝાબ કહાઁથી આવે છે. ચોથે દિન રવિવારે આસ્માનથી એક હૌલનાક અને દહેશતનાક સૈહા-આવાઝ આવો અને તે આવાઝ ભયાનક ચીખ મુજબ હતો કે, જેથી સઘલાના દિલો ચૂર-ચૂર થઈ ગયા, બદનો ઝમીન સાથે ચોટી ગયા અને જાણે ઝમીન તેઓને ગિલી ગઈ. **તમામે તમામ જહાઁ હતા વહાઁ જ હલાક થઈ ગયા.** મગર મૌ. સાલેહ અને આપના મૂમેનીન અઝાબ આવતા પહેલા તે જગા પરથી ચાલા ગયા અને મક્કામાં આવીને વસા. એક શખ્સ જે આ જુમ્લા માંથી રહી ગયો હતો મગર આપના નામની તસ્બીહ કરતો હતો તેને અલ્લાહએ બચાવો અને તે અબૂરગાલ હતો.

સમૂદનું ગામ ફક્ત ચાલીસ ઘરનું હતું. તે દરીયા કિનારે હતું. ઘણા તાકતવર અને કદાવર લોગો હતા. બુતપરસ્તી કરતા હતા. મૌ. સાલેહ નબીએ દાઅવતની ઈબ્તેદા કીધી તો કહેવા લાગા કે, જો તમેં સાચા નબી હોવ તો આ પત્થરની ચટ્ટાન માંથી એક તાકતવર ઊંટણીને નિકાલો. આપની દોઆથી ઊંટણી નિકલી મગર તે લોગો કાફિરના કાફિર જ રહ્યા. **સમૂદ બિન આબિર બિન ઈરમ બિન સામ બિન નૂહની ઔલાદ સમૂદ કબીલો કહેવાય છે.** આ લોગો મુલ્કે હિજરમાં રહેતા હતા, જે મદીના અને શામના દરમિયાન વાકેઅ હતો.

કિતાબોમાં બયાન છે કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ૯ હિ. માં મદીનાથી જે વક્ત તબૂકની જંગ વાસ્તે પધારા તે વક્ત આપનો ગુઝર આ સમૂદ કૌમના ગામ નઝદીકથી થયો. આપે અસ્હાબને ફરમાવું કે, "તે ગામમાં કોઈ દાખિલ ના થાય યા તે જગાનું પાની ના પીએ યા ત્યાં વકફોના કરે કેમકે તે અઝાબે ઈલાહીની જગા છે જે કૌમે સમૂદ પર નાઝિલ થયો હતો." આપે તે ટેકરી પણ બતાવી કે જેના પર ઊંટણીનું બચ્ચું ચઢી ગયું હતું. જે જગા પર ઊંટણી આવીને પાણી પીતી હતી તે જગા પણ બતાવી. ફસાદખોરોએ જે જગા પર ઊંટણીના પગ કાપી નાખા હતા તે મૌઝેઅ બતાવી અને કહ્યું કે, **"સમૂદના બદઅમલ બાદ તેની હલાકી થઈ તો મૌ. સાલેહ શામ તરફ ચાલા ગયા પછી આપ મક્કામાં રહેવાનો કસ્દ કરીને આવા અને તે જગા પર આપની આખિરી ઉંમર ગુઝારી."**

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો આ કૌલે હકીકી કે, **"અશકલ અવ્વલીન આકેરૂન્નાકહ વ અશકલ આખેરીન કાતેલોકા યા અલી"**, યાઅની, આગલા ઝમાનાઓમાં ઝિયાદહ કમબખ્ત-ભાવતી-ભૂંડો તે નાકતો સાલેહ-સાલેહની ઊંટણીને કત્લ કરનાર છે અને પાછલા ઝમાનાઓમાં ઝિયાદહ કમબખ્ત-ભાવતી-ભૂંડો, અય અલી, આપનો કાતિલ છે. સકીફાવાલાઓ જે હુકમરાને બાતિલ છે તેઓએ મૌ. અલીને પહેલા બાતિની તૌરથી કત્લ કીધા યાઅની આપને આપના મન્સબે વસાયતથી મહેરૂમ કીધા, આપને ગોશામાં બેસાડી દીધા અને આપને ઝઈફ બનાવી દેવામાં આવા. પછી ઝાહિરી તૌરથી ઈબ્ને મુલ્જિમ લઈને આપને ઝહેરીલી તલવારથી કૂફાની મસ્જિદમાં શહીદ કીધા. નાકતુલ્લાહના કત્લથી તેના બે બચ્ચા આસ્માનની તરફ મૂઁહ કરીને ઝારો કતાર રોયા અને તેમાં જ દમ ખોયો, તે જ મુજબ જે વક્ત મૌલા અલીએ આઅલાને સકીફાવાલાઓ આપના હાથ બાંધીને, પકડીને લઈ ગયા તે વક્ત માઁ ફાતેમા અને આપના શાહઝાદા ઝારો કતાર રોયા. હકીકતમાં મૌલાના અલી (અ.સ.), નાકતુલ્લાહના મમ્સૂલો માઅરૂફ છે. ✯

---

(પેજ નં. ૩ નું બાકી)

→ ચોથો નફસે કુલ્લીયહ ઈલાહીયહ હોય છે જેમાં પાઁચ કૂવતો આ મુજબ છે :

૧) ફના થઈને બાકી રહેવું
૨) નાઉમ્મીદી અને સખ્તીમાં નેઅમતને હાસિલ કરવું
૩) ઝલીલ થાવામાં ઈઝઝતને પરામવી
૪) ફકીરીને ઊંચી દૌલત સમઝવી
૫) બલાનો સબરથી સામનો કરવો

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**નમાઝની ખૂબી તેને વક્ત પર પઢવામાં છે.**

## દરસે લિસાને દાવત

# ترقي

انسان ني ترقي تين چيزو سي تهائي چهے۔ ۱) صحيح اعتقاد ۲) نيک چال-چلن انے ۳) عمل صالح۔ أ تين چيزو نيچے بتاويلي چار چيزو بغير كامل تهئي سكتي نتهي۔ ۱) تندرستي ۲) قوة ۳) جمال ۴) عمر رسيدگي۔ أ چار چيزو ني بنياد بيجي چار چيزو پر چهے۔ ۱) مال ۲) اهل ۳) جگه ۴) قبيله۔ اوپر ذكر تهئيلي چيزو موجب جه كوئي شخص عمل كرے يا ته موجب سلوک كرے تو بلا شک ته اونچا درجات انے بيمثال رتباؤ نے حاصل كري سكے چهے۔ هر چيز نو اصل، جه انسان پوتاني زندگي ما كرے چهے، ته ايمان انے عمل صالح چهے۔ جه شخص نا ذهن ما كوئي چيز نو صحيح تصور بيسے تو ته تصور موجب تهنو ايمان انے عقيده بنے چهے۔ هوے جهنو تصور انے عقيده برابر هوئي تو تهنو عمل پن صحيح انے پاكو هسے۔ أ اصولي واتو موجب جه انسان پوتانا وهوار نے درست نه كرے تو ته انسان پچهي انسان رهتو نتهي، پن تهنے جانور كرتا پن بدتر كهوائي چهے۔

صاحب حكمة فرماوے چهے كه، الخيرُ كلُّ الخيرِ في مَن عَرفَ قَدْرَهٗ۔ يعني كه خير ما خير انسان ته كهوائي كه جه پوتاني قدر-قيمة انے قدرة-طاقة ني معرفة كرے۔ أ جمله سي ثابت تهائي چهے كه، كوئي انسان أ دنيا ما كامل نتهي مگر ناقص چهے۔ أ نقص نے كوئي حد تک ايمان انے نيكي دور كري سكے چهے۔ مگر أ بيوے چيزو جو انسان كروا چاهے انے تهنا جسم ما صحة-عافية نتهي، همة نتهي، زينة انے جمال نتهي يا عمل ما بزرگي نتهي تو ته تهنا مقصد تک پهونچي سكسے نهيں۔ فقط لباس پهرؤو كافي نتهي پن ته واسطے شوق، زينة، رنگ، صفائي، وقت انے جگه يه اهمية راكهے چهے۔

جسماني قوة انے تمام طرح ني هشياري كوئي راكهے پن تهنے انجام أپوا واسطے مال-روپيه نه هوئي يا اهوا لوگو-اهل نه هوئي كه ته كام نے سمجهي سكے يا تهنا سي فائده اوٹهاوي سكے يا جه كام كروانو هوئي تهنا واسطے جگه مهيأ نه تهاتي هوئي تو ته كام تمامية تک نهيں پهونچے۔ تو حقيقة يه باهر أوے چهے كه، ايمان انے عمل تنها نتهي پن تهنے صحيح بناووا پاچهل خوب محنة انے لگن ني ضرورة پڑے چهے۔ حكمة نا صاحب كهے چهے كه، مؤمن واسطے أ تمام أشياء نے ملاؤوں آسان چهے۔ الله تعالى يه مؤمن ني تخليق يه موجب كيدي چهے كه، ته كوئي پن چيز نے عمدگي پر پهونچاووا واسطے اوپر ذكر تهئيلي چيزو ما بهتر ميزان قائم كري سكے چهے۔ جه بيجا لوگو واسطے مشكل چهے۔ لهذا مؤمن نو بيجو نام هر طرح ني ترقي چهے۔

**તરક્કી**

ઈન્સાનની તરક્કી ત્રણ ચીઝોથી થાય છે. (૧) સહીહ એતેકાદ (૨) નેક ચાલચલણ અને (૩) અમલે સાલેહ.
(બકીયાહ પેજ નં. ૧૪ પર)

**વેપારની ખૂબી માલ અને ઘરાકમાં ઈન્સાફ કરવું છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

આ ત્રણ ચીઝો નીચે બતાવેલી ચાર ચીઝો બગૈર કામિલ થઈ શકતી નથી. ૧) તંદુરસ્તી ૨) કૂવત ૩) જમાલ ૪) ઉમ્રરસીદગી. આ ચાર ચીઝોની બુનિયાદ બીજી ચાર ચીઝો પર છે. ૧) માલ ૨) અહલ ૩) જગા ૪) કબીલો. ઉપર ઝિક્ર થયેલી ચીઝો મુજબ જે કોઈ શખ્સ અમલ કરે યા તે મુજબ સુલૂક કરે તો બિલાશક તે ઊંચા દરજાત અને બેમિસાલ રૂત્બાઓને હાસિલ કરી શકે છે. હર ચીઝનું અસલ, જે ઈન્સાન પોતાની ઝિંદગીમાં કરે છે, તે ઈમાન અને અમલે સાલેહ છે. જે શખ્સના ઝહેનમાં કોઈ ચીઝનો સહીહ તસવ્વુર બેસે તો તે તસવ્વુર મુજબ તેનું ઈમાન અને અકીદો બને છે. હવે જેનો તસવ્વુર અને અકીદો બરાબર હોય તો તેનો અમલ પણ સહીહ અને પાકો હશે. આ ઊસૂલી વાતો મુજબ જે ઈન્સાન પોતાના વહેવારને દુરૂસ્ત ન કરે તો તે ઈન્સાન પછી ઈન્સાન રહેતો નથી, પણ તેને જાનવર કરતા પણ બદતર કહેવાય છે.

સાહેબે હિકમત ફરમાવે છે કે, " અલ-ખૈરો કુલ્લુલ ખૈરે ફી મન અરફા કદરહૂ", યાઅની કે, ખૈરમાં ખૈર ઈન્સાન તે કહેવાય કે, જે પોતાની કદર-કીમત અને કુદરત-તાકતની માઅરેફત કરે.આ જુમ્લાથી સાબિત થાય છે કે, કોઈ ઈન્સાન આ દુનિયામાં કામિલ નથી મગર નાકિસ છે. આ નુક્સને કોઈ હદ તક ઈમાન અને નેકી દૂર કરી શકે છે. મગર જો આ બેવે ચીઝો ઈન્સાન કરવા ચાહે અને તેના જિસ્મમાં સેહત-આફીયત નથી, હિમ્મત નથી, ઝીનત અને જમાલ નથી યા અમલમાં બુઝુર્ગી નથી તો તે તેના મકસદ તક પહોંચી શકશે નહીં. ફક્ત લિબાસ પહેરવું કાફી નથી પણ તે વાસ્તે શૌક, ઝીનત, રંગ, સફાઈ, વક્ત અને જગા એ એહમીયત રાખે છે.

જિસ્માની કૂવત અને તમામ તરહની હુશિયારી કોઈ રાખે પણ તેને અંજામ આપવા વાસ્તે માલ-રૂપિયા ન હોય યા એવા લોગો-અહલ ન હોય કે તે કામને સમઝી શકે યા તેનાથી ફાયદો ઉઠાવી શકે યા જે કામ કરવાનું હોય તેના વાસ્તે જગા બરાબર મુહય્યા ન થાતી હોય તો તે કામ તમામીયત પર નહીં પહોંચે. તો હકીકત એ બાહર આવે છે કે, ઈમાન અને અમલ તન્હા નથી પણ તેને સહીહ બનાવવા પાછલ ખુબ મહેનત અને લગનની ઝરૂરત પડે છે. હિકમતના સાહેબ કહે છે કે, મુમિન વાસ્તે આ તમામ અશ્યાને મિલાવવું આસાન છે. અલ્લાહતઆલાએ મુમિનની તખ્લીક એ મુજબ કીધી છે કે તે કોઈ પણ ચીઝને ઉમ્દગી પર પહોંચાવવા વાસ્તે ઉપર ઝિક્ર થયેલી ચીઝોમાં બહેતર મીઝાન કાઈમ કરી શકે છે. જે બીજા લોગો વાસ્તે મુશ્કિલ છે. લેહાઝા મુમિનનું બીજું નામ હર તરહની તરક્કી છે.

**---------------------------- મુશ્કિલ અલ્ફાઝ ----------------------------**

| | | |
|---|---|---|
| એતેકાદ - ઈમાનની શરતો મુજબ માનવું | કૂવત - તાકત | કામિલ - પૂરેપૂરી |
| જમાલ - ખુબસૂરતી | ઉમ્ર રસીદગી - ઝઈફી | અસલ - બુનિયાદ |
| ઝહેન - દિમાગ | બદતર - ખરાબ | નાકિસ - અધૂરો |
| મુહય્યા - મિલવું | તમામીયત - અંજામ | અશ્યા - ચીઝો |
| ઉમ્દગી - બહેતરી | તખ્લીક - પૈદાઈશ | મીઝાન - મેલજોલ ✯ |

(પેજ નં. ૧૨ નું બાકી)

આ પાઁચ કૂવતો સાથે બે ખાસીયતો, ઈતાઅત (રઝામંદીએ ખુદા) અને તસ્લીમ છે. જેની માઅના એ છે કે, રાહે ખુદામાં ખુદની ઝાતને ફના કરીને, ઈતાઅત અને જેહાદની મહેનત ઉઠાવીને, ફકીરી-લાચારીને બરદાશ્ત કરીને, હરએક બલામાં સબર કરીને બાકી રહેવું અને આ જ ઝરીઆથી ખુદાતઆલાની હઝરતે કુદસાનીયહથી નેઅમતો, ઈઝ્ઝત અને આઅમાલની અમીરી હાસિલ થાય છે. જે નફસ આ કરશે તે તસ્લીમો રિઝાની મંઝિલો તય કરશે અને તે નફસ, કુલ્લીયહ ઈલાહીયહ બની જાશે. આ નફસની પૈદાઈશ અને તરક્કી ખુદાતઆલાની તાઈદ અને મરઝીથી થાય છે. આ નફસનું બીજું નામ નફસે મુત્મઈન્નહ મરઝીયહ પણ છે.✯

**આખેરતની ખૂબી મૌલા અલી (અ.સ.) સાથે જન્નતમાં દાખિલ થાવું છે.**

## મીલાદે હાતિમી
## હુઝૂરે પૂરનૂર સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) ની ૬૦ મી સાલગિરાહ

જો તાબેએ ફરમાઁ હૈં તેરે શાદ રહેંગે,
મૌલા તેરે મોહિબ જો હૈં આબાદ રહેંગે.
ઈમાનો યકીં જિનકા હે પુખ્તા વહી બેશક,
ઉનકો તેરે એહસાનો કરમ યાદ રહેંગે.
આસાઁ હૈં સદા મુશ્કિલેં ઉન અહલે વિલા કી,
જો તુમ સે સદા તાલિબે ઈમ્દાદ રહેંગે.
આરામ સે બેઠેંગે વહી દોનોં જહાઁ મેં,
જો સામને તેરે સદા ઈસ્તાદ રહેંગે.
જિસકે હે તેરી કૈદે ઈતાઅત મેં રાત-દિન,
ઉકબા મેં વો હર રંજ સે આઝાદ રહેંગે.
દાઅવત કો લગે દાગ યે ચાહતેં હૈં સિતમગર,
પામાલ જહાઁ મેં સિતમ-ઈજાદ રહેંગે.
આઅદા ને બહુત ચાહા કે દાઅવત કો મિટા દે,
બરબાદ હુએ ઔર વો બરબાદ રહેંગે.
તું દાઈએ મુત્લક હે તું હે નૂર ખુદા કા,
તારીકી મેં હર જા તેરે અઝદાદ રહેંગે.
શયતાન કી ઔલાદ હૈં જો હૈં તેરે દુશ્મન,
આતિશ મેં જહન્નમ કી નામુરાદ રહેંગે.
યે ફત્હો ઝફર તુઝકો મુબારક હો અય મૌલા,
ડૂબે હુએ હમ ફરહતે મીલાદ રહેંગે.
યે યૌમે વિલાદત હો મુબારક તુઝે આકા,
સબ અહલે વિલા જિસ સે સદા શાદ રહેંગે.
ઈન તેરે ગુલામોં મેં સે અન્વર હે એય આકા,
જો ખુલ્દે બરીં મેં સદા દિલશાદ રહેંગે. ✩

## તિજારત


**Unique Collection**
**(All Electronic & LED Products)**
LED T5 Tube Lights / T5 Tube Lights
LED Bulbs / LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories / CFL Lights
Emergency Lights / Emergency Solar Lights
Bluetooth Speakers / Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Shop No.2, Sai Arpan Complex,
Next to Alpana Talkies, Pratapnagar Road,
Vadodara. **M.: 9998769628**

---

યા અલી મદદ
" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "
**ભાઈસાહેબ ઈબ્રાહીમ**
**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.
**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**
**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

---

**સ્ટાર લાઈટ ટ્રેડર્સ**
**અમારે ત્યાં દરેક પ્રકારની ડીસ્પોઝેબલ આઇટમો, બર્થડે ડેકોરેશન, સ્ટેશનરી, એલ્યુમીનીયમ ફોઇલ, એલ્યુમીનીયમ તથા પ્લાસ્ટીક કન્ટેનર, દોરા, પ્લાસ્ટીક સુતળી, કેરી બેગ્સ, PP થેલીઓ દરેક સાઇઝમાં વ્યાજબી ભાવે છુટક તથા હોલસેલમાં મળશે.**
દુકાન નં.૨, માતૃછાયા બિલ્ડીંગ, બરાનપુરા રોડ, ચોખંડી ચાર રસ્તા, વડોદરા.
**હુસેનીભાઇ કિલીપવાલા - મો.: ૯૯૦૪૧૭૪૫૮૫**

---

**ફેન્સી અને મેચીંગ દુપટ્ટા સેન્ટર**
**" ઝૈબાઇશ "**
બી-૧૨, ગાયકવાડ પ્લાઝા, અલ્માસ માર્કેટ સામે, પાણીગેટ, વડોદરા.
**નઝીરઅલી ભાઇસાહેબ - મો.: ૯૯૭૪૧૫૭૫૬૬**

## દસ સાલ – ૪ સફર ૧૪૩૯
## દરસે હાતિમી

આકા મૌલાની નઝરે લતાફતથી મુકાસિર મૌલાની સરપરસ્તીમાં દરસે હાતિમી નૂરાની મસ્જિદના અયવાનમાં ૪ સફર ૧૪૨૯ હિ. માં હફતામાં એક વાર શુરૂ થયો હતો તેને આ સાલ ૧૦ વરસ પૂરા થયા છે. તે વાસ્તે મુકાસિર મૌલાએ કલામ તસ્નીફ ફરમાવેલા છે અને સાથે દરસમાં શરીક થાનાર હર તાલિબે ઈલ્મને એક ખુસૂસી સનદ-સર્ટીફીકેટથી નવાઝા છે.

----

દસ બરસ જિસકો હુએ હૈ વો હે દરસે હાતિમી,
કરતેં હૈ જિસ મેં મુકાસિર હર બયાને બાતિની.
જો નહીં આતેં યહાઁ ઉસકો કહેં હમ કયા ભલા,
હે વો ગાફિલ ઈલ્મે હક્ક સે ભુલા હે દીં કી ગલી.
માના કે રૈનક હે સૂરજ સે ઝમીં પે સુબ્હો શામ,
હાઁ મગર એક ઈલ્મ હી તો હે હકીકી રોશની.
પુખ્તગી ઈમાન કી હે ઈલ્મ સે વાબિસ્તા યૂઁ,
જિસ્મ કો જૈસે ઝરૂરત હોતી હે એક જાન કી.
તુમ યહાઁ પર શૌક સે આતેં રહો સુનતેં રહો,
પર અમલ કરકે બતાવો ચાહો ગર રબ કી ખુશી.
હે યે સોહબત ઈલ્મ કી ઈન્સાં કો દેતી હે હયાત,
ખાક થે, ઔર ખાક હે, બનના એક દિન ખાક હી.
માલ ઔર ઔલાદ યે દુનિયાકી પૈદાવાર હે,
સબ ફના હોગા મગર બાકી હે દીને અહમદી.
મુમેનીં તુમ જાન લો દુનિયા હે બસ મુરદા બદન,
ખાના યે કુત્તોં કા હે ફરમાતેં હૈં મૌલા અલી.
જો ઈલિમ પઢનેં મેં અપના વક્ત કરતા હે બસર,
સેંકડોં નૈકી કી બારિશ હોગી ઉસ પર હર ઘડી.
યા ઈલાહી અન્વરે નાચીઝ કી હે યે દોઆ,
મૌલા હાતિમ શાદ હો બાકી હો દરસે હાતિમી. ✫

## નૌહા
## રસૂલુસ્સકલૈન (સ.અ.વ.વ.)

તૈબા મેં જા રહા હે જનાઝહ રસૂલ કા,
માતમ-સરા બના હે મદીનહ રસૂલ કા.
બેહાલ હે રસૂલ કી દુખ્તર હુસૈનીયોં,
દો ફાતેમા યતીમ કો પુરસા રસૂલ કા.
જાતે હો છોડ કર હમેં અય નાનાજાઁ કહાઁ,
કહેતા હે રોકે છોટા નવાસા રસૂલ કા.
હે વા મોહંમદા કી સદા હર તરફ બલંદ,
રોતા હે જો હે કલ્બ સે શૈદા રસૂલ કા.
રોના વો ફાતેમા કા વો કહેના હુસૈન કા,
અમ્મા પતા બતાઈએ નાના રસૂલ કા.
હયદર લિટા રહે હૈં લહદ મેં રસૂલ કો,
સર પીટતા હે કબ્ર પ કુમ્બા રસૂલ કા.
હિલ્મી હર એક કો અપને મતાલિબ કી પડી હે,
સદ હૈફ અભી હુવા નહીં તીજા રસૂલ કા. ✫

**નોંધ : મિશકાતુલ-હાદી** ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમ ટી. બરોડાવાલા પાસેથી કારેઈન હાસિલ કરી શકે છે. ✫

**અકીદા, અમલ, દોઆ, ફઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/–**
શહરૂલ્લાહમાં વાજેબાતની અદાયેગી વક્તે આપવું.
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષવાલાના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.